| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૫–૧૧–૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૫–૧૧–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૭–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u><br>૦૦ ૦૪ ૨૩ |

**<u>મે. કુતિયાણાના જ્યુડી.મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રી ની અદાલતમાં, મું.કુતિયાણા</u>**

**<u>ફોજદારી કેસ નંબર : ૭૬૪/૨૦૨૫</u>**
**<u>આંક–</u>**

**<u>ફરીયાદી</u>** : શ્રી સરકાર...

**<u>વિ રૂ દ્ધ</u>**

**<u>આરોપીઓ</u>** :

(૧) મહેશ સવદાસભાઈ વાઢીયા, ઉ.વ. ૩૫,ધંધો: ખેતી
રહે. ફરેર ગામ, પ્લોટ વિસ્તાર, તા. કુતિયાણા, જી.પોરબંદર

(૨) સુભાષ દેવાભાઈ વાઢીયા, ઉ.વ.૨૬,ધંધો: ખેતી
રહે.ફરેર ગામ, વાડી વિસ્તાર, તા. કુતિયાણા, જી.પોરબંદર

(૩) બહાદુર રામભાઈ વાઢીયા, ઉ.વ. ૨૪,ધંધો: ખેતી
રહે.ફરેર ગામ,પ્લોટ વિસ્તાર, તા. કુતિયાણા, જી.પોરબંદર

(૪) ભરત ભીખનભાઈ વાઢીયા, ઉ.વ.૩૦,ધંધો:ખેતી
રહે. ફરેર ગામ, પ્લોટ વિસ્તાર, તા. કુતિયાણા, જી.પોરબંદર

(૫) પરેશ રામભાઈ વાઢીયા, ઉ.વ. ૨૪,ધંધો:ખેતી
રહે. ફરેર ગામ, પ્લોટ વિસ્તાર,તા. કુતિયાણા, જી.પોરબંદર

(૬) અજય વશરામભાઈ વાઢીયા, ઉ.વ.૨૩, ધંધો:પ્રાઈવેટ નોકરી
રહે.જુનાગઢ યોગી પાર્ક સોસાયટી, મધુરમ ભરાડ સ્કુલની સામે, તા.જી.જુનાગઢ.

| | | |
|---|---|---|
| ગુનો | : | **જુગાર ધારા કલમ–૧૨ મુજબ....** |

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષ........તરફે | : | વિ.એ.પી.પી.શ્રી જે.કે.પંડયા. |
| આરોપીપક્ષ.........તરફે | : | વિ. વકીલ શ્રી કે.આર.સોલંકી |

**-::ઠ રા વ ::-**

(૧) **ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકત:-**

આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આરોપીઓએ ગઈ તા. ૨૬/૦૮/૨૦૨૫ નાં રોજ કલાક ૧૭:૧૫ વાગ્યાના અરસામાં ફરેર ગામ સીમ વિસ્તાર ચારણઆઈના મંદીર પાસે જાહેરમાં ગંજીપતાના પાના પૈસા વડે રોનપોલીસ નામનો હારજીતનો જુગાર રમી-રમાડી ગંજીપતાના પાના નંગ-પર તથા રોકડા રૂ.૧૦,૫૬૦/- ના મુદ્દામાલ સાથે જાહેરમાંથી પકડાઈ જઈને ગુનો કરતાં, આ કામનાં ફરીયાદીએ કુતિયાણા પોલીસ સ્ટેશનના ગુના રજી. નં.૧૧૨૧૮૦૦૪૨૫૦૪૫૩/૨૦૨૫ થી ફરીયાદ કરતા તપાસ કરનાર અમલદાર દ્વારા ગુનાની તપાસ કરી આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઈ આવતા, અત્રેની કોર્ટમાં જુગાર ધારાની કલમ-૧૨ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામનાં આરોપીઓને અત્રેની અદાલત દ્વારા સમન્સ કરવામાં આવતાં આરોપીઓ હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે અને ત્યારબાદ અત્રેની અદાલત દ્વારા આરોપીઓની **આંક-૧૧** થી **આંક-૧૬** સુધી પ્લી લેવામાં આવતાં આરોપીઓ એ તેમની સામેનાં ગુનાંનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોઘવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**-: મૌખિક પુરાવો:-**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| (૧) | ૨૨ | આનંદ ખીમાભાઈ સોંદરવા | પંચસાહેદ |
| (૨) | ૨૪ | મેરુભાઈ હાજાભાઈ ભુતિયા | ફરીયાદી |
| (૩) | ૨૬ | પ્રકાશ ભીખનભાઈ ભરાડીયા | પંચસાહેદ |
| (૪) | ૨૭ | અશોકભાઈ હીરાભાઈ જાડેજા | ત.ક.અધિકારી |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૨૩ | મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામુ |
| (૨) | ૨૫ | અસલ ફરીયાદ |
| (૩) | ૨૮ | સેકશન-૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ |

(૪) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો મૌખિક રીતે પુરો થયાનું જાહેર કર્યા, બાદ આરોપીઓનાં બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ જણાવેલ છે કે, ફરીયાદ પક્ષનો પુરાવો ખોટો છે, અને બચાવમાં કોઈ સાહેદ તપાસેલ નથી કે સોગંદ પર જુબાની આપેલી નથી અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલી છે.

(૫) ઉપરોકત કેસની હકીકત અત્રેની અદાલતના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુ દ્દા ઓ ::-**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ ગઈ તા. ૨૬/૦૮/૨૦૨૫ નાં રોજ કલાક ૧૭:૧૫ વાગ્યાના અરસામાં ફરેર ગામ સીમ વિસ્તાર ચારણઆઈના મંદીર પાસે જાહેરમાં ગંજીપતાના પાના પૈસા વડે રોનપોલીસ નામનો હારજીતનો જુગાર રમી-રમાડી ગંજીપતાના પાના નંગ-૫૨ તથા રોકડા રૂા.૧૦,૫૬૦/- ના મુદ્દામાલ સાથે જાહેરમાંથી પકડાઈ જઈને જુગાર ધારાની કલમ-૧૨ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? |

| | |
|---|---|
| (૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રે ની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,
(૨) આખરી હુકમ મુજબ.

<u>-:: કા ર ણો ::-</u>

**<u>મુદ્દા નંબર :૧:</u>**

(૭) આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે પંચસાહેદ આનંદ ખીમાભાઈ સોંદરવાને આંક-૨૨ થી તથા પંચસાહેદ પ્રકાશ ભીખન ભરાડીયા ને આંક-૨૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર બંને પંચસાહેદોએ આંક-૨૩ ના મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી.જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર લખેલ કાગળમાં તેઓએ સહી કરેલી અને તે સિવાય તેઓ પંચનામાની વિગતે કાંઈ જાણતા નથી.

(૮) આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામનાં ફરીયાદી મેરુ હાજાભાઈ ભુતિયાને આંક-૨૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને તેઓએ જુબાની દરમ્યાન આંક-૨૫ થી અસલ ફરીયાદ રજુ રાખેલ છે. જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** બનાવ સ્થળ જાહેર વિસ્તાર છે ત્યાં માણસોની તથા વાહનોની સતત અવર-જવર રહે છે. તેઓ પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે નિકળેલા અને ફરતા-ફરતા બનાવ સ્થળે કેટલા વાગ્યે પહોંચેલા તે તેમની ફરીયાદમાં જણાવેલ નથી. તેમની ફરીયાદમાં આરોપીઓ પાસેથી ચોકકસ કયાં દરની ચલણી નોટો મળી આવેલ તે દર્શાવેલ નથી તેમજ કયાં આરોપી પાસેથી ચોકકસ કયાં-કયાં ગંજીપાના મળી આવેલ તે દર્શાવેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર

ફરીયાદીએ ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફે હાલના ગુનાની તપાસ કરનાર અમલદાર અશોકભાઈ હીરાભાઈ જાડેજાને આંક–૨૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેઓએ કરેલ તપાસની કાર્યવાહીને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને તેઓએ જુબાની દરમ્યાન આંક–૨૮ થી સેકશન–૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ રજુ રાખેલ છે. અને આરોપી સામે પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલાની હકીકતો જણાવેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ત.ક.અમલદારે **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** બનાવવાળા વિસ્તારમાં લોકોની અવર–જવર હોય છે. આ કામે પોલીસ સિવાય અન્ય સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને ત.ક. અમલદારે ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે રજુ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેવામાં આવે તો, આ કામે ફરીયાદી તથા ત.ક.અમલદારે તેઓની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર અને લોકોની અવર–જવર વાળો વિસ્તાર છે. આમ, બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને ત્યાંથી સ્વતંત્ર અને તટસ્થ સાહેદો મળી શકે તેમ હોવા છતાં ત.ક.અમલદાર દ્વારા એવો પુરાવો એકત્રીત કરવામાં આવેલ નથી. આમ, હાલના પોલીસ સાહેદનો પુરાવો ઘ્યાને લેતાં, આંક–૨૩ વાળા પંચનામા મુજબ આરોપીઓ પાસેથી મુદ્દામાલ પાવતીની વિગત મુજબનો મુદ્દામાલ પંચોની હાજરીમાં કબ્જે કરેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. વધુમાં, આરોપીઓએ સદરહુ કામમાં પકડાયેલ મુદ્દામાલ સંદર્ભે આંક–૧૦ થી નો–કલેઈમ પુરસીસ આપી જાહેર કરેલ છે કે, સદરહુ કામમાં પકડાયેલ મુદ્દામાલ તેઓની માલીકીનો નથી અને તેઓ તેનો કલેઈમ કરતા નથી અને કરવાના નથી.

આમ, આ કામે ફરીયાદી તથા ત.ક.અમલદારની જુબાની ઘ્યાને લેતાં, તેઓ ફરિયાદમાં જણાવેલ બનાવને અનુરૂપ સુસંગત જુબાની આપેલ છે અને ઉલટતપાસ જોતાં પણ વિપરીત કોઈ પુરાવો રજુ થયેલો નથી. પરંતુ ઉપર ચર્ચા કરી તેમ જયારે સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધા નથી અને જે પંચસાહેદો તપાસેલા છે તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે. તે સંજોગોમાં એક માત્ર પોલીસ સાહેદોની જુબાની પર

આધાર રાખીને આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર થયેલો માની શકાય નહીં. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ઉપરોકત હકીકત જોતાં આરોપીઓ સામેનો આક્ષેપ ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

- આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૧) અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ મુજબનાં સજાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ રોકડ રકમ, જે કોઈ કલેઈમ કરતા ન હોઈ, અપીલ સમય વિત્યે સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ અન્ય મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

- આરોપીઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલના કામે જરૂર પડયે હાજર થવા બાબતેના છ માસ સુધીની મુદતના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની કોર્ટમાં આપવાના રહેશે.

હુકમ આજરોજ તારીખ ૦૭મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૭–૦૪ –૨૦૨૬
સ્થળ : કુતિયાણા.

**(કલ્પેશ લક્ષ્મણભાઈ નાડિયા)**
**(CODE No. GJ 01433)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
કુતિયાણા